# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

- ૦૨૬૧-૨૬૬૨૯૦૨

:- suratdeo@gmail.com web :-www.suratdeo.or


જા.નં./મા-૨/૨૦૨૪ / 14187 તા.૦૩/૧૦/૨૦૨૪

પ્રતિ,

આચાર્યશ્રી,

૧ થી ૯ SVS કન્વીનરશ્રી,

ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ

જિ.સુરત

વિષય:- **Observance Of Vigllance Awarenesss Week-2024** અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.

સંદર્ભ:-પોલીસ ઇન્સ્પેકટર, સુરત ગ્રામ્ય એ.સી.બી.પો.સ્ટે.ની કચેરી, નાનપુરા, સુરતનો પત્ર ક્રમાંક નં.૯૫૭/૨૦૨૪ તા.૩૦/૦૯/૨૦૨૪ પત્ર અન્વયે.

આ સાથે સામેલ પોલીસ ઇન્સ્પેકટર, સુરત ગ્રામ્ય એ.સી.બી.પો.સ્ટે.ની કચેરી, નાનપુરા, સુરતનો પત્ર ક્રમાંક નં.૯૫૭/૨૦૨૪ તા.૩૦/૦૯/૨૦૨૪ અન્વયે કેન્દ્રીય સતર્કતા આયોગ દ્રારા તા.૨૮/૦૯/૨૦૨૪ થી તા.૦૩/૧૧/૨૦૨૪ સુધી **Observance Of Vigllance Awarenesss Week-2024** ની ઉજવણી કરવા માટે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદ દ્રારા "સત્યનિષ્ઠાની સંસ્કૃતિથી રાષ્ટ્રની સમૃધ્ધી" "**सत्यनिष्ठा की संस्कृति से राष्ट्र की समृद्धि** " "**culture of Integrity for Nation's Prosperity**" ની થીમ હેઠળ કાર્યક્રમની ઉજવણીના ભાગ રૂપે ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી માધ્યમના વિધાર્થીઓની નિબંધ સ્પર્ધાનું આયોજન તા.૦૭/૧૦/૨૦૨૪ ના રોજ યોજવાનું નકકી કરેલ છે.

આ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવા માટે આપની **SVS** માં આવતી ત્રણેય ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી માધ્યમોમાં માધ્યમ દીઠ એક શાળા ભાગ લે અને દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૨૫ બાળકો સ્પર્ધામાં ભાગ લે તે પ્રમાણે ૨૫૦ થી ૩૦૦ શબ્દોની મર્યાદામાં નિબંધ લખવા માટેનું આયોજન **SVS** કક્ષાએ કરવાનું છે. દરેક શાળામાં માધ્યમ દીઠ (ગુજરાતી માધ્યમના ૩ , હિંદી માધ્યમના ૩ , અંગ્રેજી માધ્યમના ૩) કુલ ૯ વિજેતા નકકી કરી વિજેતા વિધાર્થીના નામો લખેલા નિબંધ સાથે **SVS** કક્ષાએ <u>તા.૦૫/૧૦/૨૦૨૪</u> નારોજ જમાં કરાવવા અને **SVS** કક્ષાના માધ્યમ દીઠ ૬ (ગુજરાતી માધ્યમના ૩ , હિંદી માધ્યમના ૩ , અંગ્રેજી માધ્યમના ૩) કુલ ૯ વિજેતા નકકી કરી વિજેતા વિધાર્થીના નામો લખેલા નિબંધ સાથે તા.૦૭/૧૦/૨૦૨૪ના રોજ કે.સી.કોઠારી, નાના વરાછા, સુરત ખાતે સવારે ૧૦ : ૦૦ કલાકે શાળામાં રજૂ કરવાના રહેશે.જેમાંથી ગ્રામ્ય કક્ષાના માધ્યમ દીઠ પ્રથમ ૩ વિજેતા નકકી કરવામાં આવશે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

પોલીસ ઇન્સ્પેક્ટર, સુરત શહેર એ.સી.બી. પો.સ્ટે.ની કચેરી, નાનપુરા બહુમાળી બિલ્ડીંગ કમ્પાઉન્ડ, પોલીસ કમિશ્નરની જુની કચેરી, પહેલા માળે, સુરત, -૩૯૫૦૦૧
ટેલિફોન નંબર/ફેક્સ ૦૨૬૧- ૨૪૬૨૭૫૭.
e-mail Id:polstn-acb-sur@gujrat.gov.in

ક્રમાંક:૨૦૭/૨૦૨૪
તા.૩૦/૦૯/૨૦૨૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી.
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઇન્સ,
સુરત.

**વિષય:-** **Observance Of Vigllance Awareness Week-2024** અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.

**સંદર્ભ:** વડી કચેરીના પત્ર ક્રમાંક:એસીબી/સમન-રેકર્ડ/નિબંધ સ્પર્ધા/૭૧૦/૨૦૨૪ તા.30/૦૯/૨૦૨૪

સવિનય, કે.જે.ધડુક, પોલીસ ઇન્સ્પેક્ટર, સુરત ગ્રામ્ય એ.સી.બી. પો.સ્ટે., સુરત નાઓનું ઉપરોક્ત વિષય તથા સંદર્ભ અન્વયે જણાવવાનું કે,

કેન્દ્રીય સતર્કતા આયોગ ધ્વારા તા.૨૮/૦૯/૨૦૨૪ થી તા.૦૩/૧૧/૨૦૨૪ સુધી Observance Of Vigllance Awareness Week-2024 ની ઉજવણી કરવા માટે લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદ દ્વારા **'' સત્યનિષ્ઠાની સંસ્કૃતિથી રાષ્ટ્રની સમૃધ્ધી '' '' सत्यनिष्ठा की संस्कृति से राष्ट्र की समृद्धि ''** ''Culture of Integrity for Nation's Prosperity'' ની થીમ હેઠળ કાર્યક્રમની ઉજવણીના ભાગ રૂપે ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતા ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓની નિબંધ સ્પર્ધાનું આયોજન તા.૦૨/૧૦/૨૦૨૪ થી તા.૧૫/૧૦/૨૦૨૪ ના સમયગાળા દરમ્યાન યોજવાનુ નક્કી કરેલ છે.

આ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવા સારૂ સુરત શહેર વિસ્તારમાં આવતી ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી માધ્યમોમાં, માધ્યમદીઠ ઓછામાં ઓછી દશ-દશ સ્કુલો ભાગ લે અને દરેક સ્કુલમાંથી ઓછામાં ઓછા ૨૫ બાળકો સ્પર્ધામાં ભાગ લે તે પ્રમાણે ૨૫૦ થી ૩૦૦ શબ્દોની મર્યાદામાં નિબંધ લખવા માટેનું આયોજન કરવા તેમજ દરેક શાળામાં માધ્યમદીઠ પ્રથમ ત્રણ વિજેતા સ્પર્ધકોના નામો આપશ્રી દ્વારા તપાસણી કરી માધ્યમદીઠ સુરત શહેરના પ્રથમ ત્રણ વિજેતા નક્કી કરી વિજેતાઓના નામો અત્રેની કચેરીએ મોકલી આપવા વિનંતી છે. લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, અમદાવાદ દ્વારા દરેક માધ્યમમાંથી પ્રથમ આવનાર ત્રણેય સ્પર્ધકોને ઇનામ આપવા આવશે અને સ્પાર્ધામાં ભાગ લેનાર દરેક વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે.

જે આપશ્રીને વિદીત થાય.

(કે.જે.ધડુક)
પોલીસ ઇન્સ્પેકટર
સુરત ગ્રામ્ય એ.સી.બી. પો.સ્ટે,
સુરત.

પોલીસ ઈન્સ્પેકટર * સુરત શહેર એ.સી.બી. પો. સ્ટે.

લાંચ રૂશ્વત વિરોધી બ્યુરો, ગુજરાત રાજ્ય,
બંગલા નં.૧૭, કફનાળા,
શાહીબાગ, અમદાવાદ – ૩૮૦ ૦૦૪
ઈ-મેલ: cr-acb-ahd@gujarat.gov.in
ફોન નં: ૦૭૯-૨૨૮૬૯૨૨૮. ફેક્સ નં:૦૭૯-૨૨૮૬૬૭૨૨

ક્રમાંક:- એસીબી/ સમન-રેકર્ડ/ નિબંધ સ્પર્ધા/૭૧૦/૨૦૨૪ તા. ૩૦/૦૯/૨૦૨૪

**ખુબ જ અગત્યનું**

**વિષય**- Observance of Vigilance Awareness week-2024 અંતર્ગત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવા બાબત.

કેન્દ્રીય સતર્કતા આયોગ ધ્વારા તા.૨૮/૦૯/૨૦૨૪ થી તા.૦૩/૧૧/૨૦૨૪ સુધી Observance of Vigilance Awareness week-2024 ની ઉજવણી નીચે જણાવેલ થીમ પર ઉજવણી કરવાનું ઠરાવેલ છે.

પ. નિ. એ. સી. બી.
સુરત એકમ, સુરત
30 SEP 2024
આવક નં. 2601
સહી: ....

**" સત્યનિષ્ઠાની સંસ્કૃતિથી રાષ્ટ્રની સમૃધ્ધિ"**

" सत्यनिष्ठा की संस्कृति से राष्ट्र की समृद्धि "

"Culture of Integrity for Nation's Prosperity"

લાંચ રૂશ્વત વિરોધી બ્યૂરો, અમદાવાદ દ્વારા **" સત્યનિષ્ઠાની સંસ્કૃતિથી રાષ્ટ્રની સમૃધ્ધિ" " सत्यनिष्ठा की संस्कृति से राष्ट्र की समृद्धि "** "Culture of Integrity for Nation's Prosperity" ની થીમ પર આ કાર્યક્રમની ઉજવણીના ભાગ રૂપે ઉચ્ચતર માધ્યમિક માં અભ્યાસ કરતા ગુજરાતી, હિંદી તથા અંગ્રેજી માધ્યમના વિધાર્થીઓની નિબંધ સ્પર્ધા આયોજીત કરવાનું નક્કી કરેલ છે.

જે અંતર્ગત તમામ મદદનીશ નિયામકશ્રીએ પોતાના કાર્યક્ષેત્ર વિભાગમાં આવતા જિલ્લાના જિલ્લા શિક્ષણાધિકારીશ્રી નાઓનો જાતે સંપર્ક કરી, આ નિબંધ સ્પર્ધાનું આયોજન કરવાનું રહેશે. દરેક જિલ્લામાં આવતી ત્રણેય માધ્યમમાં, માધ્યમદીઠ ઓછામાં ઓછી દસ દસ સ્કુલો ભાગ લે અને દરેક સ્કુલ માંથી ઓછામાં ઓછા ૨૫ (પચ્ચીસ) સ્પર્ધકો ભાગ લે તે પ્રમાણેનું આયોજન કરવાનું રહેશે.આ નિબંધ ૨૫૦ થી ૩૦૦ શબ્દોની મર્યાદામાં લખવાનો રહેશે.

આ સ્પર્ધામાં દરેક શાળામાં માધ્યમદીઠ પ્રથમ ત્રણ વિજેતા સ્પર્ધકોના નામ નક્કી કરાવી, આ સ્પર્ધકના નિબંધો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મોકલાવી, આ પ્રમાણે એકત્રિત થયેલ નિબંધોને જીલ્લા શિક્ષણાધિકારીશ્રી ધ્વારા તપાસણી કરી માધ્યમદીઠ જિલ્લા સ્તરના પ્રથમ ત્રણ વિજેતા નક્કી કરશે; જે પ્રથમ આવનાર ત્રણ વિજેતાના નામો અત્રેની કચેરી ખાતે મોકલી આપવાના રહેશે. દરેક જિલ્લામાંથી દરેક માધ્યમમાંથી પ્રથમ ત્રણ આવનાર સ્પર્ધકનોને ઇનામ આપવામાં આવશે તથા સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવશે.

ઉપરોકત સ્પર્ધા **તા.૦૨/૧૦/૨૦૨૪ થી તા.૧૫/૧૦/૨૦૨૪ દરમ્યાન** યોજવાની રહેશે, આ અંગેનું પરીણામ એકત્રિત કરી **તા.૨૦/૧૦/૨૦૨૪ ના રોજ અત્રેની કચેરી** ખાતે મોકલી આપવાનું રહેશે.

તમામ મદદનીશ નિયામકશ્રી નાઓએ તેઓના કાર્યક્ષેત્ર હેઠળના દરેક પોસ્ટે.ના પ્રથમ ત્રણ વિજેતાઓના નિબંધની એક નકલ અત્રે મોકલી આપવાની રહેશે.

E:\SAMIR\SAMIR\મીડીયા પ્લાન ૨૦૨૪-૨૦૨૫\એન્ટીકરપ્શન ડે ની ઉજવણી કરવા ૨૦૨૪\નિબંધ સ્પર્ધાનુ આયોજન કરવા.docx

Scanned with OKEN Scanner